ધ્રાનરેશ મહારાણાશ્રી ઘનશ્યામસિંહજી

મહારાજાશ્રિત.

આર્ય નીતિદર્શક નાટક સમાજ.

ઓલતો કાગળ

નાટકનાં ગાયનો.

૧

છપાવી પ્રસિદ્ધ કરનાર.
આર્ય નીતિદર્શક નાટક સમાજના માલેકો.
એમ૦ એન૦ પિત્તળવાળા—સુરત.

બાગાતળાવ રોડ પર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ પ્રેસમાં
રતિલાલ દુર્લભદાસે છાપ્યા.

પ્રત ૫૦૦૦

રૂ૦ ૦—૨—૦ (બે આના)

પાત્રોની યાદી.

પુરૂષ પાત્રો.

દારૂણસિંહ... ... ...એક ક
રણધીર... ... ...કેપ્ટ
મહેન્દ્ર }
નગેન્દ્ર } ... ...સિપાઈઓ
સુજનસિંહ... ... ...નગેન્દ્રનો પુ
ભડભડસિંહ—ધનનો ઘમંડી બુઢ્ઢો કર્નલ દારૂસિંહનુ પ્રપંચી હથી
રમણ... ... ...તેનો
ક્યરો... ... ...ભડભડનો
લાલાજી... ... ...ભડભડનો ભત્રીજો.
પુંજો... ... ...લાલાજીનો નોકર.
મોહન... ...એક ગરીબનો પુત્ર. ભડભડની પુત્રી માનાનો આશક.

સ્ત્રી પાત્રો.

વીરા... ... ...કર્નલ દારૂણસિંહની પુત્રી પ્રેમની પ્રતીમા.
મેના... ... ...મહેન્દ્રની પુત્રી પાછળથી રણધીરની સ્ત્રી.
માના... ... ...ભડભડની પુત્રી પાછળથી મોહનની સ્ત્રી.
રમા... ... ...રમણની સ્ત્રી.
સુરબાળા... ... ...નગેન્દ્રની સ્ત્રી [illegible] ની માતા.

કમાનડીંગ ઓફીસર, વારાંગના, સિપાઈઓ વગેરે.

સ્થળ-શ્રીનગરની લશ્કરી છાવણી અને તેની [illegible] જંગલ.

શ્રી હરી ૐ.

"બોલતો કાગળ" નાટકનો ટૂંક સાર.

થોડીક સૂચના.

આ નાટકની રંગભૂમિ મીલીટરી કેમ્પ એટલે કે લશ્કરી છાવણી ધારવામાં આવી છે. અને તેમાં અંગત વ્યક્તિ તરીકે એક ઘમંડી અમલદારનું પાત્ર તેના સંસારિક જીવન પરત્વે ચિતરવામાં આવ્યું છે. એમ પ્રેક્ષકોની નજરે જણાશે પરંતુ આ નાટકનું ખરૂં નિશાન તો:

ચાહેના બદલા કહી, દઈ કુસુમ નીજ વાસ.
પ્રેમીને પ્રેમી પુંજે, નહી બદલાની આશ.

એ '**પ્રેમમંત્ર**' ઉપર છે. અને તેની પ્રતિમા-દેવી-પૂજ્ય પ્રતિમા વીરા નામની વારાંગના છે. તેનું વીર જીવન એજ આ નાટકનું વસ્તુ-પ્લોટ છે. અને તે દ્વારા એક સાચું પ્રેમ જીવન બતાવવાની કોશેશ એજ હમારી હૃદયની ઇચ્છા છે, પરંતુ વિષય સાથે પ્રેક્ષક વર્ગના શોખને અનુસરી પૈસાના ઘમંડી ભડભડનું હાસ્યરસિકવાળુ ઝમેરી તેને લોક રૂચિને અનુકુળ કરવાની કોશિશ કરી છે. છતાં વીરાના કીર્તિ જીવનને જેથ આપનાર તેની છબીરૂપી '**બોલતો કાગળ**' એજ આ નાટકની પૂર્ણાહુતિ છે.

નાટકની શરૂઆત—પ્રારંભ પ્રાર્થના બાદ વૃધ્ધ સિપાહી મહેન્દ્રસિંહની પુત્રી મેના, પોતાનો જન્મોત્સવ હોવાથી પોતાના પ્રેમ રણજીરને યાદ કરતી પુષ્પમાળા ગુંથતી દેખાય છે ત્યાં તેના

સહેલીઓ તેને મુબારકબાદી આપવા આવે છે. અને મુબારકબાદી આપ્યા બાદ મેના હજુ રણધીર કેમ ન આવ્યો તેનો વિચાર કરે છે તેટલામાં શિકારથી પાછો ફરેલો અને શ્રમથી તૃષાતુર થએલો કર્નલ દારૂણ આવી પાણીની માગણી કરે છે મેનાનું સૌંદર્ય જોઇ તે ઉપર આશક થાય છે. અને મેના પાસે તેના હાથની માગણી કરે છે. મેના ખરી વસ્તુ (પોતે રણધીર સાથે પરણવા વચન આપી ચુકી છે તે) જણાવી તેની માગણીનો ઇન્કાર કરે છે. દારૂણ તેને યુકિતથી સમઝાવવાની કોશિશ કરે છે પણ ન સમજતાં તેના ઉપર તે નીચ હુમલો કરે છે તે વખતે મદદની બુમ સાંભળી, કર્નલ દારૂણની પુત્રી વીરા ત્યાં આવી પહોંચે છે, અને પોતાની પુત્રીને જોઇ શરમાઇ દારૂણ ચાલ્યો જાય છે. મેના, વીરરમણી વીરાનો ઉપકાર માને છે. વાતમાંને વાતમાં મેના પોતે કેપ્ટન રણધીર ચ્હાય છે એવું બોલી જાય જે સાંભળી વીરા તેના ઉપર ક્રોધે ભરાય છે. (કારણ કે વીરા પણ કેપ્ટન રણધીરને ચ્હાય છે એટલે મેનાને પોતાની હરિફ ગણી તે ઉપર ચીઢાય છે) પરંતુ પ્રેમની પ્રતિમા–ગુણવતી–ગુણિયલ વીરા બીજીજ-પળે

ઇજારો તો નથી લીધો વીરા ! તેં પ્રેમ રસ્તાનો,
પછી જો ચાહે કોઇ કોઇને તો તે ગુનોહ શાનો;
ટીકીટ એ સોરઠીની ચાહે તે સરવે ભરી શકતાં;
કે જેને લાગતો નંબર તે માલિક એ રૂપૈયાનો.

એ વિચારી અર્ધ ગાંડી જેવી સ્થીતિમાંજ ત્યાંથી ચાલતી થાય છે. મેના તેની હાલત જોઇ ખરી બીના ન સમજવાથી દોરંગી દુનિયા ઉપર અજબ થતી વિચાર કરે છે.

પ્રવેશ બીજો—મેનાએ કરેલા ઇન્કારથી પોતાનું અપમાન થએલું માનતો દારૂણ ક્રોધમાંજ દાખલ થાય છે. અને હવે મેનાને કેવી રીતે કાબુમાં લાવવી તેનો વિચાર કરે છે. તથા પોતાનાં પાપ કર્મના સલાહકર અને ધનના ઘમંડી ભડભડને મેનાના પિતા મહેન્દ્રસિંહની કટારી કે જે તેની પાસેથી ખોવાઈ ગઇ હતી અને આજેજ દારૂણના હાથમાં આવી હતી તે આપી તેનાથી મહેન્દ્રના દુશ્મન તરીકે જાણીતા થએલા નગેન્દ્રસિંહનું ખુન કરી તેનો આરોપ મહેન્દ્ર ઉપર ઢોળી પાડવાનું કામ ભડભડને સોંપે છે કે જેથી મેના પોતાના કબજામાં આવે.

પ્રવેશ ત્રીજો—પ્રેમી જોડાની પ્રેમ લીલા. રણધીર સાથે મેનાનો પ્રેમરોષ, અને મનામણાં, ત્યાં વીરા આવી રણધીરને મળે છે. અને પ્રેમનાં સમણાં જોતી વીરા સાથે રણધીરનો ખુલાસો થાય છે. કે રણધીર વીરાને ચાહે છે ખરો પણ એક બહેન તરીકે ચાહે છે. આ ખુલાસાથી વીરાના પ્રેમી આત્માને આઘાત થાય છે. ખરો પણ બીજીજ પળે:—

હવસ જો પ્રેમ હોએ તો પિતાનો પુત્ર માતાનો,
કુટુંબી મિત્રનો તેમજ વળી જે બ્હેન ભ્રાતાનો;
અને નિજ દેશકેરો પ્રેમ, પ્રભૂનો પ્રેમ સહુ નામો,
પડે જૂઠાં નથી તેમાં હવસનો એક પણ છાંટો.
ખરો પ્રેમી જે પ્રેમીને સુખી જોઇ સુખી થતો;
ખરો તે પ્રેમ પ્રેમી કાજ દુઃખ સહીને સુખી થાતો;

એમ વિચારી મેના અને રણધીરનો હાથ મેળવી આપી તેઓની બાબદમાં કુમારિકા જીવન ગુજારવાનો નિશ્ચય કરે છે. ત્યાં "ખુન ખુન"

નો ધુમ સંભળાય છે. અને ગભરાતો ગભરાતો મેનાનો વૃદ્ધ પિતા મહેન્દ્ર દાખલ થઇ પોતા ઊપર નગેન્દ્રનું ખુન કરવાનો ખોટો આરોપ આવ્યાનો ખુલાસો કરે છે ત્યાં સિપાહીઓ સાથે દાખલ થઇ દારણુ-સિંહ મહેન્દ્રને કેદ કરે છે.

પ્રવેશ ચોથો—પ્રેક્ષક વર્ગની પ્રિય વસ્તુ કોમિક (હાસ્યરસ) ની શરૂઆત અહીંથી થાય છે. દારણુસિંહનો નીચ મદદગાર અને ધનના મદમાં અંધ થઇ ગરીબોને ધિક્કારનાર ભડભડને કુદરત તરફનો ફટકો પડે છે કે જ્યારે તે પોતે ગરીબને ધિક્કારે છે ત્યારે તેનો પુત્ર રમણ એક ગરીબની છોકરી જોડે લગન કરી ચૂકયો છે. એવી ખબર તેનો નોકર કચરો લાવે છે. જેથી ભડભડ રમણુને પોતાના વારસામાંથી રદ કરી પોતાના ભત્રીજા લાલાજીને પોતાનો વારસ ઠરાવવાનો નિશ્ચય કરી રમણુ અને તેની સ્ત્રી રમાને ધુતકારી કાઢી મુકે છે. ભડભડની પુત્રી માના " કાકા મામા કહેવાના અને ગાંઠે હોય તે ખાવાના " એ કહેવત પોતાના પિતાને સમજાવી, લાલાજીની બનાવટી વિદ્યા ધૂર્તવિદ્યા બતાવી તેને ઠેકાણે લાવે છે.

પ્રવેશ પાંચમો—મેના પોતાના પિતા તરફ દયા કરવાને સમજાવવા માટે દારણુ પાસે આવે છે દારણુ પોતાની જોડે લગ્ન કરવાની શરતે તેના પિતાને છોડી મૂકવા મેનાને જણાવે છે. મેના તેનો ઇન્કાર કરે છે. દારણુ વૃદ્ધ મહેન્દ્રને પણુ તેની પુત્રી સાથે લગ્ન કરી આપતા છોડી મૂકવા તથા કેપ્ટનના હોદ્દાનું પ્રમોશન આપવા જણાવે છે. મહેન્દ્ર દારણુની જાળમાં ફસાય છે. પણુ તેટલામાં મેના પ્રવેશ કરી તે જાળને ચીરી નાખે છે. અંતે મેના વિચાર કરવા બે દિવસની મહેતલ માગે છે અને દારણુ તેને મહેતલ આપે છે.

પ્રવેશ છઠ્ઠો—જ્યારે ભડભડ ગરીબોને ધિક્કારે છે ત્યારે જેમ તેનો પુત્ર રમણ ગરીબની છોકરી સાથે પરણ્યો છે તેમ તેની પુત્રી માના પણ ગરીબના છોકરાને ચ્હાય છે અને તે ભડભડને ખબર પડવાથી તેણે પોતાના બાર ઉપર ' નો એડમિશન વિથાઉટ પરમ-શન ' નું પાટિયું માર્યું છે. છતાં માના છૂપી છૂપીને પોતાના આ-શક મોહનને મળે છે. આજે મોહન મળવા આવતાં માના પોતાને મળવાની એક નવિ યુક્તિ મોહનને બતાવે છે. માસ્તરાણી થઇ પોતાને શીખવવા રહેવા માટે સમજાવે છે, મોહન કબુલ થાય છે, એટલામાં વહેમ પડવાથી ભંડભડ આવે છે, માના મોહનને કંડીઆમાં છૂપાવે છે. ભડભડ બધે શોધ ચલાવે છે અને કંડીઓ ભારે જોઇ તથા ઉપરથી જોતાં અંદર માણુસ જેવું જણુવાથી મોહનના બાપ અને પોલિસને બોલાવે છે. ભડભડ તેઓ આવે ત્યાં સૂધી બહાર જઇ બેસે છે તેટલા વખતમાં માના મોહનને કાઢી બારીથી ભગાડે છે અને તેને બદલે રસોઇયાને કંડીઆમાં બેસાડે છે, ભડભડ મોહનના બાપ સાથે લડતો દાખલ થાય છે એટલામાં પોલિસ પણ આવે છે આખરે મોહનને બદલે મલિદા મહારાજ નીકળતાં કોમિક સીનનો કોમિકમાંજ અંત આવે છે.

પ્રવેશ સાતમો—મેનાને મળેલી મેહતલમાં હવે માત્ર છજ કલાક બાકી છે. દારૂણે મેનાને ખુશ કરવા નાચરંગની ગોઠવણ કરી છે પરંતુ પિતા અને પતિના પ્રેમમાં તણાતી ત્રીશંકુની ગતિ અનુભવતી મેનાને તેમાંનું કંઈ સારૂ લાગતું નથી. તે નાચનારીઓને કાઢી મૂકે છે એટલામાં ત્યાં દારૂણ આવે છે અને ' હવે તેમને મળેલી મેહતલમાં માત્ર છજ કલાક બાકી છે ' એમ ચેતવણી આપી પાછો

ચાલ્યો જાય છે ત્યાં છૂપી રીતે રણધીર મેનાને મળવા આવે છે. પ્રેમી જોડાંનું કરૂણારસિક ચિત્ર, મેના અને રણધીર વાત કરે છે ત્યાં દારૂણ આવી રણધીરને જુવે છે પણ તેઓને ખબર ન પડે તેમ પાછો બહાર ચાલ્યો જાય છે. અને બાહર જઇ કેદીઆઓ વિગેરેને તૈયાર રાખવાનો હુકમ આપી પાછો અંદર દાખલ થાય છે મેના રણધીરને પાસેના એક રૂમમાં સંતાડી દેય છે તે દારૂણ જાણે છે તેથી તરતજ હુકમ આપી આવેલ માણસોને બોલાવી તે રૂમનો દરવાજો ચણાવી દેય છે, મેના વચમાં પડતાં તેને પકડી નાંખે છે. જુના કેદી મહેન્દ્રસિંહને બોલાવી પોતાનાં લગ્ન કરી આપવા કહે છે, પણ મહેન્દ્ર ઇન્કાર કરતાં પોતે જોર જુલમથી લગ્ન કરવા તૈયાર થાય છે તે વખતે વીરા દાખલ થાય છે, અને માણસો પાસે રૂમના દરવાજો તોડાવી નાખી, દારૂણસિંહને રણધીર અને મેનાનાં લગન કરી આપવાની ફરજ પાડે છે. અને રણધીર, મેના તથા મહેન્દ્રને લઇ ચાલતી થાય છે. ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ પહેલો—મહેન્દ્રસિંહ ઉપર જેનું ખૂન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે તે દારૂણનાં પ્રપંચનો ભોગ થઇ પડેલ નગેન્દ્રસિંહની સ્ત્રી સરૂબાળા પતિનાં મૃત્યુ માટે અફસોસ કરતી દેખાય છે ત્યાં મહેન્દ્ર સાથે વીરા પ્રવેશ કરે છે અને 'મહેન્દ્રની પાછળ રાજના

માણુસો છે માટે તેનું રક્ષણ કરજે' એમ કહી મહેન્દ્રને સરખાળાનાં શરણમાં સોંપી પોતે જાય છે જ્યાં કેટલાક સિપાહીઓ સાથે દારૂણ આવી પહોંચે છે, એવી ખબર તેનો પુત્ર સુજન લ.વે છે, ગભરાએલી સરખાળા મહેન્દ્રને દેવમંદિર નીચેનાં ટાંકામાં સંતાડી દેય છે, દારૂણ આવી પૂછતાં સાફ ઇન્કાર કરે છે, દારૂણ તે કેદી બીજો કોઈ નહીં પણ નગેન્દ્રનો ખુની છે એમ જણાવે છે. સતીના હૃદય ઉપર આઘાત થાય છે પણ બીજીજ પળે દયાની દેવી સરણાંગત વત્સલ સરખ.ળા ગમે તેમ હોય પણ તેને નજ સોંપવાના નિશ્ચય ઉપરજ સ્થીર રહે છે, દારૂણ ઘણી શોધખોળ કરવા છતાં મહેન્દ્ર ન મળવાથી અંતે પાછો જાય છે. સરખાળાનો અફસોસ, મહેન્દ્રનો પોતે ખુની ન હોવા વિષે સોગન ઉપર ખુલાસો, પોતાના પિતાના ખુનીને શોધી કાઢવાની સુજનની પ્રતિજ્ઞા.

પ્રવેશ બીજો—કરેલા ઠરાવ પ્રમાણે આજે મોહન માસ્તરાણી બની નોકરીએ રહેવા આવશે તો તેનેજ નોકરી મળે તે માટે માના પોતાના ભાઇ રમણને ભલામણ કરે છે. રમણ 'કોઇ મોહિની નામની માસ્તરાણી રહેવા આવે તો મને ખબર આપવી' એમ કચરાને કહેવા જાય છે ત્યાં રમણની સ્ત્રી રમા અને માના વચ્ચેનો સંવાદ, સ્ત્રી સ્વભાવનું ચિત્ર, છુપાઇને રમણ તે નણંદ ભોજાઇની વાત સાંભળે છે, અને, યુકિતથી રમાની દુરાંકાંક્ષાને દૂર કરે છે. મોહિની સ્વરૂપ ધારણ કરી મોહનનું આવવું. કપડાંનો ચોંટાળો, રમા રમણ અને માના મોહન વચ્ચે ચકમક, ચોંટાળાનું શાંત થવું, એટલામાં કચરાનું કચુંબર બડબડ સાથે દાખલ થવું, બડબડ ડોસાનો ડોળો માસ્તરાણીમાં લોભાય છે, ચાલાક કચરો તે ચેતી જાય છે.

પ્રવેશ ત્રીજો—મહેન્દ્ર મેના ઉપર લખેલી ચીઠ્ઠી લઇ તેને પૂગાડવા જતાં સુજન ગાર્ડન રેસ્ટોરાંમાં ચાહ પીવા બેસે છે અને ચીઠ્ઠી ત્યાંજ ટેબલ ઉપર ભૂલી ચાલતો થાય છે: જે ચીઠ્ઠી ભડભડ અને દારૂણના હાથમાં આવે છે પાપી જોડું તે ચીઠ્ઠીનો ઉપયોગ કરી ત્યાંજ આવી ચડેલા રણધીરના હ્રદય માં મેનાંનાં શીયળ માટે શક ઊત્પન્ન કરે છે. રણધીર ઉશ્કેરાએલા હાલતમાં ઘર તરફ જાય છે. પ્રપંચીઓની વધારે પ્રપંચ જાળ ત્યાં સુજન પાછો દાખલ થાય છે પણ ચીઠ્ઠી મળતી નથી અને આ પાપી જોડાંની વાત સાંભળે છે.

પ્રવેશ ચોથો—શકમંદ થએલો રણધીર મેનાના દરેક શબ્દો ઉપર શકની નજરથી જોય છે અને નોકરીને બહાને નીકળી પાછલી દિવાલની બારીમાં સંતાઈ રહે છે છૂપી રીતે મહેન્દ્ર પોતાની પુત્રી માનાને મલવા આવે છે. એક તરફ છૂપાએલો રણધીર અને બીજી તરફ છૂપાએલો દારૂણ ગોળીબહાર કરે છે. દારૂણની ગોળીથી મહેન્દ્ર મરે છે. પણ ઉશ્કેરાયલો રણધીર પોતાની ગોળી નથી છૂટી એમ ન સમજતાં અવાજ સાંભળી પોતાની ગોળીથીજ મહેન્દ્રને મરેલો માને છે ખુલાસો થતાં પસ્તાય છે. ત્યાં દારૂણ અને ભડભડ આવી પહોંચે છે, વીરા રણધીરને નસાડી તેને બદલે પોતે કેદ થાય છે.

પ્રવેશ પાંચમો—માસ્તરાણી તરીકે રહેલા મોહન ઊપર ભડભડ આશક થાય છે. ટચરો તે જોઈ જાય છે રમણને બોલાવી લાવી આ ઘરડા ઘુવડની લીલા બતાવે છે, રમણ તેનો ફોટોગ્રાફ ઊતારી લે છે.

પ્રવેશ છઠ્ઠો—પોતેજ પોતાના સસરાનું ખુન કર્યું છે એમ માનનારો રણધીર અફસોસ કરતો દાખલ થાય છે. સુજન તેને શાંતિ આપે છે અને બન્ને જણાં વીરાને છોડાવવા જાય છે.

પ્રવેશ સાતમો—રણધીર કેદખાનામાંથી વીરાનો છુટકારો કરે છે. [સીન ટ્રાન્સફર] શિપાહીઓ પાછળ પડે છે પણ વીરા યુક્તિથી તેઓને પાણીમાં ઉતારી આબાદ છટકી જાય છે.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—નાચરંગ, ભડભડ અને દારૂણનો વીરાનું ખુન કરવાનો ઠરાવ દારૂણને ત્યાં છુપાવેશમાં નોકર રહેલો સુજન તેની દરેક વાત સાંભળે છે અને મહેન્દ્ર તથા નગેન્દ્રના ખુની તરીકે તેઓને ઓળખી લેય છે, તેઓનું પાપ ફોડવા કમાંડીંગ ઓફીસરની મદદ લેવા જાય છે.

પ્રવેશ બીજો—પતિનું મૃત્યુ અને પોતાના પિતાના ખુનીને શોધી કાઢવાની પ્રતિજ્ઞા કરી પુત્ર સુજન ચાલી જવાથી ઘેલી થઇ ગએલી સુરબાળા અને તેનો આશરો લઇ રહેલી મેના. ત્યાં આવી સુજન મેનાને તેડી કમાંડીંગ ઓફીસર પાસે જાય છે.

પ્રવેશ ત્રીજો—કોમીકનો અંત, મોહિની મોહનના રૂપમાં અંતે માના અને મોહનના હાથ મળવા આનંદ.

પ્રવેશ ચોથો—કેદમાંથી નાસી છુટેલો રણધીર અને વીરા અરસપરસ અફસોસ એટલામાં ઉશકેરાએલી હાલતમાં પોતાના પીતા

દારૂણને આવેલો જોઇ બન્ને છુપાઇ જાય છે. ક્રોધના આવેશમાં દારૂણનું આવવું ને રાત દિવસ પૈસા માટે ત્રાસ આપતાં ભડભડને ઠાર કરવાનો દારૂણનો નિશ્ચય રણધીર ખુલ્લો થતાં દારૂણ અને રણધીરની તકરાર. રણધીર દારૂણને દબાવે છે. પણ છોડી મુકે છે. ત્યાં ભડભડ આવી રણધીરને કેદ કરાવે છે. પાછળથી ભડભડ અને દારૂણની તકરાર ભડભડ દારૂણના છુપા કાગળો બતાવી દારૂણને ફજેત કરવાની ધમકી આપે છે દારૂણ ભડભડને ઠાર કરે છે. કાગળો જોતાંજ વીરાને કાગળો લેવા કહે છે. પણ તરતજ દારૂણ તેને પણ ઠાર કરે છે. સુજન દાખલ થઇ તે કાગળો વીરાના હાથમાંથી લઇ લે છે. સુજન હવે ખુલ્લો થાય છે. દારૂણ અને સુજનની તકરાર ત્યાં કમાંડીંગ ઓફીસર દાખલ થઇ દારૂણને કેદ કરે છે. દારૂણનો ક. ઓ. ઉપરનો ખુની હુમલો અને શુટીંગનો ઓર્ડર.

પ્રવેશ પાંચમો--નિર્દોષ થઇ છુટેલો રણધીર, સુજન, મેના અને સુરબાળા, સુરબાળાને મેરથી રણધીરના ઘર તરફ જાય છે.

પ્રવેશ છઠ્ઠો—રણધીર, કમાંડીંગ ઓફીસરને હાથે વીરાની છબી ખુલ્લી મુકાવે છે. અને વીરાની યાદદસ્તમાં કોઇ સ્ત્રી ઉપયોગી ખાતામાં પોતા તરફથી સારી મદદ આપવાનું જણાવે છે, ત્યાર બાદ કમાંડીંગ ઓફીસર તરફથી રણધીરને કર્નલ અને સુજનને ઓનરરી કેપ્ટનની જે પદ્વી મળી છે. તે માટે મુબારકબાદી.

ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શ્રી હરિ ૐ

બોલતો કાગળ નાટકનાં ગાયનો

પ્રારંભ પ્રાર્થના

તહારે પ્રેમે ભરી
સકલસૃષ્ટિ; તુજસ્વરૂપ
પ્રેમથીજ જગત ભર્યું, હૃદયે ઠર્યું, સુખદા
પ્રેમ થકી ઉત્પન્ન કરી જગ સહુ તેમાં ભરતા પ્રેમઃ
પ્રેમ થકી પોષણ કરી હરિ તું માગે બદલો પ્રેમ.
અંત એજ આદિ,
કર્તા તહારી કૃતિ આ ન્યારીઃ
કંઇ કંઇ જ્ઞાની ધ્યાની ભૂલી ભમતા
જાણ્યું પ્રેમ વિના કાંઇ નહીં
જે બિજ તે ફળ.

મેના— (૧)

પ્રિયકર દર્શન કાજ પ્રિતમના
તલસે ઘડી ઘડી લોભી લોચનિયાં
મનના માન્યા વિણ મન ના મનાય

કમળ રવિ કિરણે વિકસાય તન પૂલકાય
ભેટવા પ્રિય ઉર કરે તનમનીયાં—
મૂહૂરત સાધી મળો મમ મનહર
મારગ ફૂલડાં વેરૂં મોહન વર
આવોજી હળવે હળવે વ્હાલા વીરનર
હૃદય ઉપવન કેરા માળી જીવન સીંચ્યું આ તનમન
હયોને આનંદ લ્હાણુ—પ્રાણુ—રે ગુણ ખાણુ
પદ્મ પ્રફુલ વૃક્ષા થયું, મધૂપ જો લે ન સુવાસ;
સ્નેહી વિના નવ સ્નેહીને ઉર પ્રકટે ઉલ્લાસ.

સાહેલીઓ અને મૈના— ૨

એજ માગે સાહેલી સહુ સંગે મળી
કુસુમ દઇને સખી સુચન કરે છે એવું
પોતે ખિલો જગ ખિલાવો
ખિલે છે જેમ કુસુમ કળી—
કરમાં કંકણુ કનક કેરાં સુહવિએ
હીરા મુદ્રિકા આ અંગુલી ધરીએ
લાજ કંકણુ લલનાનું
હીરા સમ શીલ સુભગાનું
પામજો સદ્‌ગુણુ શાળી સ્વામી,
પ્રણુય પંથ ગામી.

આશીષ છે અમ્હારી,
આભારી ન્હેને મ્હારી.—

મેના— ૩

રંગી, આ દુનિયાના રંગીએ રંગી તે રંગી બેરંગી,
દુનિયા દોરંગી.
સાગર પાણી શીતલમાં, વડવાનલ તેના તળમાં; આગ
ને પાણી બન્યાં સંગી.
આજે અંગી મનાતા, કાલે ભૂજંગી થાતા; કોણ
ભૂજંગી કોણ અંગી.
વાયુ જે દીપક ઠારે, આગને એજ વધારે; પ્રભૂની
પ્રભૂતા એ દોરંગી.

દારૂણ-ભડભડ— ૪

ક્રૂર બની કંઇ કપટ ઝપટ કરી,
ફસાવી ત્વરીત પૂરી કર મુજ આશા;
ધરી બળને, હણી ખળને;
જણાવ તુજ દાક્ષિણ્યતા, ફેંકી યુક્તિના પાસા,
ગરવ, સરવ, ક્ષણભર માંહી, ઉતારી આવાર;
હઠે ભરી, જકીલીએ, જુવતી મીલાવ તેમ,
ચર્ણે નમાવી, શર્ણમાં લાવી, જોઉં પ્રેમ.

મેના— ૫

રહો આઘેરા અલબેલા, જાણું જીવન છો મનમેલા
આ સ્નેહ અધિર છેલા તરસાવો શાને આમ.
પ્રાણ પ્યારી, વિયોગે ભારી, બને લાચારી, સત્ય કહું શ્યામ,
વ્હાલાજી પધારીને પ્રીતિ વધારી આ નારી આભારી
તમારી સુખ ધામ—

હૃદય દાન, દીધું સુજાણ, તમને શ્યામ, પૂરણ કામ.
વસી રહી હૃદય પ્રેમીમૂર્તિ આ પ્રિય રંગ ભરી
નીશદિન જોઉં વાટ દષ્ટિ પ્રીતિ રંગે ભરી
શ્યામ....શ્યામ....શ્યામ

મેના-રણધીર— ૬

બંધન આ નહિ છુટે
છટકી જાશો કયાં છોગાળા હું.
તો જાણું વીર હું સાચા
આ તાર સુતરના કાચા છોડો જો એ છુટે—
પ્રેમે વણ્યા છે તાર એ—કાચા છે તોએ—
જે કાષ્ઠ કોરી દુર થાતા
તે ભ્રમર કમળે બંધાતા
એવા પ્રેમતણાં દઇ પાસ વણાટ વણ્યો તે નવ છુટે—

ભડભડ અને કચરો— ૭

શરમ, શરમ, શરમ, શરમ, ઓળવા બેઠો નામ.
કરેછે ગુલામ ઇજ્જત લિલામ, ખાનદાનનું જરા નવ ભાન.
થાય આજ થાય છે બુઢ્ઢાની આબરૂ લિલામ.
જાય આજ જાય છે સસ્તામાં ખાનદાન માન;
છે ખરીદનારનો ચઢાવો તે પુટી બદામ,
એક—બે—ત્રણવાર, સોદો તમામ.
વન—ટુ—થ્રી ટેમ," સોદો તમામ.
ક્યાં ધનવાનતણું ખાનદાન, ક્યાં એ ગરીબ નોકર ગુલામ
નાક કપાવ્યું અહુ ઓળખીતામાં થુથુ કહી સહુ થુકશે ગામ

રમણ— ૮

ફૂલણજી ફૂલોમાં ઝાઝા ફૂલ્યું ફૂલ ફૂલી કરમાશે.
ફૂલી કરમાશે ખિલેલું આખર ખરી જાશે,
સરખા દિવસ ન ગયા કોઇના તેમ નહિ જાશે;
રેંટતણી ઘટમાળ ભરાશે ભરાઇ ઠલવાશે.—
ઉજળું એ સહુ દુધ આજ અભિમાને દેખાશે;
જ્યારે પડશે કાળ ઝપાટો ત્યારે સમજાશે.—

ભડભડ-માના-પૂંજો }
લાલાજી—કચરો— } ૯

હાથે આવ્યો પાજી, નવ છોડું બચ્ચાજી,
એવો અડદારો કાઢો નવ રહે પાંસળી એકે સાજી

છોડો ઘસુ છું નાક,
ખવરાવો મેથી પાક
દે તડી
ઓ પડી
છટકામાં આવ્યા ઉંદર,
હાએ નિકળ્યું કચુંબર
હાય લેતાં બીજાનો માલ આવા હાલ

* * * *

શરમ છે શરમ છે બહુજ શરમ છે.

માના— ૧૦

માલી વિનાની ખાલી, જોબન તણી ફુલવાડી
હાએ સુકાઇ ચાલી, પણ નાવે જીવન માલી
ગાલ ગુલાબતણી ગઇ લાલી.
નરગીસ આંખ નમી મદવાળી.
હ્યો સંભાળી
જીવન માલી
પાણી વિનાની ડાલી તાપે તપી હરિયાળી

માના-મોહન— ૧૧

જાઓ જાઓ ના બોલાવો,
મોહન છેક છો નમેરા.
બહુ જૂઠા લ્હમાસ કોલ પ્રેમના—

પ્રીત કરવાની રીતથી હજૂ દીસો અજાણ.
ભણી પ્રેમપંથ પૂર્ણ ગ્રંથ કરો પછી પ્રયાણ,
રિસાઓ ન રસિકા રસની ખાણ.
ભૂલું તો શિખાવો ભામા સુજાણ.
પ્યારી પાઠ એ પઢાવો પ્રેમ નેમના—
નીશદિન સ્મરીએ નામ તમારૂં.
પણ પરવા ન હ્મે કંઈ કરતા.
દીપકને દરકાર નહીં પણ,
અંગ પતંગ પ્રજાળી મરતા.
ઉભો હું હાજર પ્યારી, લેવા શિક્ષા સ્વિકારીઃ
બોલો ઝટપટ માના પ્યારી,
જાણ્યા નટખટ તમને ભારી.

માના-મોહન— ૧૨

હાંરે બની નારી નખરાળી.
અંગે ચોલી સાડી ધરી મોહનજી વ્હેલા પધારજો
જો જો નારી મૂછાળીનાં વિસારજો
હેતે હૈયાપર હાર કરી ધારજો
રહી પડદે પ્રીતિના રસો ચાખશું
ધૂસ મીઠું શત્રુની આંખે નાંખશું

બનો નારી સુજાણ
લેશું પ્રીતિની લ્હાણ
જો જો ભુલી પ્રીતડીથી ફુલી નવ જરી વિસારજો.

અંક બીજો.

સુરબાળા— ૧૩

હાય દૃષ્ટિ, ક્યાંથી કષ્ટ, આવ્યું મુજ શીરે અરે:
હૃદય લ્હાય, નવ ઓલ્હાય, બાળે પળ વિપળ અરે.
જીવન ધન લુંટાયું મ્હારૂં, સુખ સૌભાગ્ય થયું ન્યારૂં,
આવ્યું વૈધવ્ય દુઃખ અકારૂં, હૃદય . ઠામ નવ ઠરે.
મૂકી રખડતી હૃદય હાર ચાલ્યા પ્રભૂ ઉર દઇ અંગાર,
શાણા છતાં ન કીધો સહુચાર, કર્મ લેખ ક્યમ ફરે.

સુજન— ૧૪

છળથી, બળથી, કળથી શત્રુને શોધી કાઢું:
પાપીને બાળું ક્રોધના અંગા મહીં.
ફોડી પાતાળ, ખોળું ચંડાળ; છોડુંના—
રકતની સરિતાધાર વહેવરાવે તલવાર.
વધાવું ધરાવી ધરાને અરિનો મુંડહાર
બિછાવીજાળ, શત્રુનો કાળ, બનુ આ કાળ; વ્યાપી રહી ઝાળ:

માના— ૧૫

આવો કોઇ વૈદ્યરાજ ઓસડ અજમાવો,
આ લાગી લગન વિસરાવો.
પ્યાલો જે પ્રીતિનો ઝેરી પીવાણો તે,
પાછો કઢાવો યા પચાવો.
કહે છે કોઈ કંઈ કાન કંઇ સાંભળે છે.
કંઇ કહેવા જતાં આ જીભથી કંઇ નીકળે છે.
જવાનું ક્યાંય ને આ પાય ક્યાં આડા વળે છે.
થતું નથી કંઇ બીજું પણ ચિતડું ભડભડ બળે છે.
એ છોડાવો લગન, આ મિટાવો અગન, શાંતિ લાવો.

રમા— ૧૬

સુખ હોય જો નારને નાથ તણું,
ગણે સ્વર્ગીય સુખ સહુ તરણું;
સતીને નહિ માન તણું સમણું,
ધિક તે અધમા ધરે જે રૂસણું.
પતિ પ્રેમ પિયૂષનાં પાને ઠરે,
નિત્ય સ્નેહે સરિતામાં સ્નાન કરે;
બની દાસી વિલાસી ઉદાસી હરે,
મનવાણી કૃમે પતિસહ વિચરે;
પ્રતિ સેવી સંસાર સમુદ્ર તરે.

કચરો—　　　　　　૧૭

બચ્ચા કચરા, કંઇ સાવધ થા, બુબખ બુદ્ધો ચસકેલ દીસે;
આ ધનચક્કર, મોહિની દીપપર, જો મીણ બની પીગળેલ દીસે.
કાંઇ દાળમાં છે કાળું એ નક્કી થયું,
શું ખરો છે ભેદ એ તો જાણવું રહ્યું:
પાસને નાપાસનું દરદ નવું થયું,
શરમ શરમ બુઢ્ઢાનું હવામાં ઉડી ગયું.

દારૂણ—　　　　　　૧૮

મારૂં મારૂં વિદારૂં વેરી;
ગુનાહમાં લઉં ઘેરી.
બિછાવું બાજી હું ખટપટની, જાળ કપટની,
છળબળથી, કંઇ કળથી, જણાવું શક્તિ મ્હારી.
પુરી પ્રપંચ પિંજરમાં કરૂં એ મેના આ પોપટ કેરી,
વહ્નો વિખેરી.

મેના—　　　　　　૧૯

હું તો ઇચ્છું છું પતિ તમ્હારી સેવા;
મને અન્ય વિષયથી નહિ કંઇ લેવા દેવા.
મળ્યે છાશ બાકળાં ખાઇને પેટ ભરીશું,
મળશે તેપર સંતોષે ગુજર કરીશું;
પતિના એઠા ટુકડા તે મીઠા મેવા.—

કંચન નહિ પણ સૌભાગ્ય કાષ્ટની ચૂડી,
મંગળદોરો તે સતી શ્રૃંગારની મૂડી;
કાચા સૂતરને તારે બંધાયા એવાં.—
જાડે કપડે પણ અંગ સહુ ઢંકાશે,
પતિ સંગે પર્ણકૂટી મહાલય સમ થાશે;
પતિ સ્નેહ દૃષ્ટિએ અમે વેચાયા જેવાં.—

મેના— ૨૦

સુખ દુઃખ છાંયડી રે, ઘડી ઘડી થાય ઘડી વિખરાય,
સદા ધરી ધીરજ ધીર મન માંહ્ય, નવ ગભરાય.
અસ્ત થાય તે ઉદય થાવા,
સુચન કરતા જણાય, શશી દિનરાયરે.
તે ઘડા ઠલવાય ઘડી પછી પલ પ્રથમ જે ભરાયરે,
જે ભરાય તે ખાલી થાવા.
શીખવે એ ઘટમાળ ફરતી,
આશ ધર મન માંહ્ય, સુજન સદાયરે.

મોહન અને માના— ૨૧

હર ફેશનમાં, પોઝીશનમાં; ઓ યસ આઇ એમ બ્યુટીફુલ મેડમ
જે દેખતા તે સહુ કહેતા, ગુડ ડે બાનૂ વેલકમ:
મૂછાળી મેડમને હરદમ ખુશાલી આહાહા હાહાહા.

આઇગ્લાસ આંખ ઉપર ને માથે વિંગ કાળી,
અંબ્રેલા લેડી ફેશનની હાથમાં રૂપાળી.
છે લેડી બૂટ પગમાં ને વોચ ખીસે ઘાલી,
મોંપર લગાડ્યો પાઉડર ગાલે લગાવી લાલી.
(જે દેખતા તે કહેતા જૂઓ કાળી મડમ ચાલી.)
હું અલબેલી. નાર નવેલી, સુધરેલી, કહેવાઉં.
બલિહારી જાઉં.—

ભડભડ-મોહન-કચરો—૨૨

હે ભગવાન આ પ્યારી મળે ક્યારે,
હે ભગવાન આ ભૂત ટળે ક્યારે.
કરે ક્યારે મોહિની પ્યાર,
ટળે ક્યારે ગોલો -ગમાર.
વરી મનમોહિની સાથ આ વૃદ્ધ બનશે જુવાન;
કરો ભગવાન એવું કે આ વૃદ્ધ પહોંચે સમશાન.
ક્યારે વૃદ્ધ બહાર આ લૂટે?
ક્યારે હવે પાપ આ છૂટે
એક શેતાન ને ચૂડેલ છે બીજી જોડી બની નવરંગ.

ભડભડ અને મોહન— ૨૩

છેલ ભડભડ વરરાજ બની મહાલશેરે

જુઓ મોહન બન્યા આજે મોહિની.
હાય જોબનભરી મોહિનીપરી જન્મી છે મુજ કાજ.—
બનીને જોડી ફરી માણશું સુખ બે સાથે
બનીને જોડા પડી ટાલ પાડશું માથે
ચઢીશું ગાડીએ મિસ્તર ને મિસિસ સંગાથે
ફરીશું પાલવે બન્ને ભીડી બાથે બાથે
હોટલમાં જઇ બોટલ ફોડી
લઇ હાથમાં હાથ કહેશું–સોડા લ્યો સોડા'
નહી–'ઘાંસલેટ લ્યો ઘાંસલેટ.'–

કચરો— ૨૪

આશક ખરબૂચા જેવા, માશુકનો પૂર દમામ
ચાહે રાંડે કે માંડે, શું અમને તેથી કામ;
જાણે ઘરડી ઘોડીને, પહેરાવી લાલ લગામ
જોડી જુગતી છે એવી, કે જોવા મળશે ગામ

(હસવાનું.)

વર લોભ ધરે ક ચાનો, જમવાને માગે જાન.
ઘોડાને બદલે ખાંધો, ગીતડાંને બદલે કાણ:
અહીં માંડવડો મંડાયો, ત્યાં કાષ્ઠ ગયાં સમશાન,
ચોરીને બદલે ચોકો, ને 'રામ બોલો ભઇ રામ'

[હસવાનું.]

રણધીર— ૨૫

હાંરે થયું શું આરે વિપરીત,
બહાદુરોની બુદ્ધિ, તજે શું હા શુદ્ધિ;
ક્યાંથી રીધી રહે, જ્યાં કાળો કલેશ નિત્ય;—ટેક૦
પ્રિયાના પિતાનો ઘાટ,
કરી હાથને આઘાત;
દીધો વ્હાલીનો હા..................મેં
પ્રેમથી વહેમ તો ત્યાં ન ક્ષેમ;
નેહ નેમે વ્હાલાં લાવો રહેમ—ટેક.

વીરા— ૨૬

સત્યપરાયણ ન્યાયી સજનને સ્હાય હરિ કરશે;
કષ્ટ કસોટી કસે ભલે, સત હેમ સાચું ઠરશે,
ઉગાર્યા પાંડવ લાક્ષાગૃહથી તાર્યા સુધન્વા તેહ દુઃસહથી
પાળે શરણાંગતને પોતે નિજ બિરદ વિભુ ધરશે.
ખારો દુર્જનખર શઠતા સાકર તે આખર મરશે.

અંક ત્રીજો

કુંચનીઓ— ૨૭

પીઓ શૂરા શૂરવાળી,
પ્રેમે ભરી આ પ્યાલી,
રંગીલી એ રંગવાળી,
રંગીલી મોહક મદથી ભરી ભરી.

(નાચ)

રસબસ રસમાં થઇ વહાલા-
પ્રેમે બની મતવાલા
આલીંગી લલના લાલા,
પાઓ પીઓ મધ પ્યાલા.

(નાચ)

મેના — ૨૮

કોને કહું હું દુઃખી અંતરની વેદના આ,
ખોલી બતાવું ક્યાં જઇ અંતરના ભેદ નાના.
દુઃખ વાદળ હરિ વર્ષાવે, નિર્ભય પંથ નવ દર્શાવે,

ક્ષણુ રડવે, ક્ષણુ હસાવે, સુખ થઇ મૃગ જળ તરસાવે.
ખાઉં દુઃખદાધિમાં ગોથાં.
હરિ તું તારો જગ જોતાં,
આશા તુજમાં મન પ્રોતાં.
સ્હાયક શ્રીવર શોધતાં.
અધવચ અથડાણી ભવ રણમાંરે શું કહીએ ત્યાં ?
મનના બળાપા પ્રભુવિણુ કહેવારે કહો જઇને ક્યાં ?

મેના— ૨૯

નુકાની મારો સાચોરે તું કિરતાર
તારે આધારે છોડી નોકા ભર દરિયે મેં તો
છે ખેવટિયો ધારી જગ આધારરે.—
બિરહ થયું બલરામ બંધુનું
ચાહે મારે કે ઊતારે પારરે.

રમણ અને મોહન— ૩૦

આવો આવો ભણતર ભણાવો કંઇ સાને શીખાવો, ને
ચેલો બનાવો આ છેલ.
જાઓ જાઓ છેડો શાને મૂકો કેડો
નાતાવો ના નેડો લાગ્યો રંગરેલ
ભૂલ્યો હું સહુ ભાન જોઇને આ મુખ ન્યારૂં પ્યારૂં રે

શીખો જેન્ટલમેનનાં લક્ષણું આ દેખાય ન સારૂં રે

have ome respect

(હેવ સમ રિસ્પેકટ)

come in private

(કમ ઇન પ્રાઇવેટ)

out of atticate

(આઉટ ઓફ એટીકેટ)

ના જોઇએ ધેટ-ફેટ

માનો મનમાની પ્યારી હાલજાની ખેલો આ જુવાનીના ખેલ

રમા-મોહન-અને } ૩૧
રમણુ તથા કચરો }

કયાંથી આવી રે તું છટેલી છીનાળ
કે કંકાસ કરવા કાજ તું અડી

છાની છાની રે હવે તું શાણી નાર
શું પીછાણુ તને પ્રપંચની પડી

જોઇ તને ચિન્ત ચરરર ચરરર, ભડકે મ્હારૂં બળે
અરે જાણે પ્રજાળી હોળી

ચુપ ચુપ અરે જા અરર અરર આશું ચપચપ કરે
આવી જોડી મળે નાં ખોળી

અઇ શાબુરે લજ્જા મેલીને લોભાય

ઠીક ફસાણુંરે આતો મોહનની છે માયા

વાહ મોહનિઆ વાહ

નફૂટ નીકળને

રાંડ તું ટળને

બસ જા, દુર થા,

હાય હાય હાય

જોવા જેવીરે આજે ખુબ ધમાધમ જાગી

નહિ બંદાની ટોકમાં ખામી, ખુબ થઇ વાહ ખુબ થઇ.

ભડભડ–ફચરો–રમા–
રમણ–માના–મોહન } ૩૨

આજ વધાઇ, આજ વધાઇ, ગાઓ સહુ સંગાથ,

ઇચ્છિતવર સરવે પામ્યાં રીઝયા જગજીવન નાથ.

આનંદીને આનંદ લહાણુ

ને પ્રીતમને પ્રાણુ

જે જોઇએ જેને તે તેને આવ્યું હાથ.

ધોળામાં ધૂળ નાખતો બુઢ્ઢો બચી ગયો,

મિસ્ટ્રેસનો નાટક ખુશીમાં પૂર્ણ અહીં થયો.

મેના-
સુજન | ૩૩

પૂરણ કરશે જગની જગનાયક નટવર પૂરણ કામ
શ્યામ સુંદરવર સુંદર નામ,
ઘટઘટ વ્યાપક ઘનશ્યામ,
હાંહાં રાધાવલ્લભ રસધામ-
તા, જગતના ત્રાતા, ભકતોના જીવ પ્રાણ,
રનાર માથે કિરતાર ધાર તેનો આધાર પાર તેથી તરે
ો તે હટાવે રિઝાવે એ સતીયાંની સાહ્ય સત્ય
સ્વામી કરે,
ગાઓ તેનાં ગુણગાન
રશે, પાપી મરશે, દુઃખને હરશે, રઘુકુલતિલક રામ

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

બોલતો કાગળ.

નાટકનાં ગાયનો

સમાપ્ત.